૧૬૨૫

# પ્રેસનોટ

## સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

**તા.૦૭.૦૧.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : ૦ ફાઈલના **રૂા.૦.૦૦ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–**૦૪ લોકેશન (ખાડા) ૨૨૭.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૧૫.૬૮** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–**૦૪** લોકેશન (ખાડા) **૨૨૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–**૦૫** લોકેશન, **૧૦૭૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૪,** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ., તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૧.૭૫** લાખ થયેલ છે., **૨૩** EC તથા **૧૩** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧૬૭**/– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૪૦૦**/– વસુલ લેવામાં આવેલ છે**.,** **૪૩** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૩** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૯** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૨૨૪.૯૩૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૩** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૫,૮૦૦**/– છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૧૪૫૦** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૫૪૯૧** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૯૪** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૪૯૬** કરવામાં આવેલ છે. જયારે **૨૦** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ છે.

૧૬૨૬

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે ડીસેમ્બર ૨૦૧૭ની તા.૦૨/૦૧/૧૭ થી તા.૧૪/૦૧/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૦૧/૦૧/૧૭નાં રોજ **"પોન્ગલ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૦૭/૦૧/૧૭માર્કેટનાં હોદ્દાદારો, પ્રમુખ, સેક્રેટરી અન્ય સભ્યો નગરજનોને સાથે રાખી ડ્રાય ડે(વાહક જન્ય રોગ નિયત્રંણ) એકટીવીટી અને વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલ અટકાયતી જન જાગૃતિ અભિયાન આયોજન કરવા જણાવવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૦૭/૦૧/૧૭ના રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં આવેલ માર્કેટો,માર્કેટના હોદ્દાદારો,સખીમંડળ,આરોગ્ય વિભાગ તેમજ વી.બી.ડી.સી વિભાગના સ્ટાફની વિભાગની સંયુકત ટીમો બનાવી સ્લમ વિસ્તારમાં મહાસફાઈ અભિયાન તથા મચ્છર જન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીકની કામગીરી કરી ઉત્પતિ સ્થાનો શોધી મચ્છરનો નાશ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

| સર્વે કરેલ ઘર | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટ | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટ | ડ્રાય કરેલ પાત્રો | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 29611 | 63013 | 180 | 10054 | 614 | 1464 | 61 | 33400 | 42 | 18406 | 9722 |

વધુમા પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે ઢકાંવાની કાર્યવાહી કરાવવામાં આવેલ હતી તેમજ રહીશોને સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

૧૬૨૭

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત "સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૭" ટુંક સમયમાં શરૂ થનાર છે. "સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૭"માં એક લાખથી વધારે વસ્તી ધરાવતા ૫૦૦ શહેરો વચ્ચે હરીફાઈ છે. "સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૭"માં રાખેલ વિવિધ માપદંડમાં સેગ્રીગેશન એટ સોર્સ અને ડીસ્પોઝલ અથવા ટ્રીટમેન્ટ માટે ઓર્ગેનીક વેસ્ટ મશીન મુકવામાં આવેલ છે. કતારગામઝોનમાં સીંગણપોર શાકમાર્કેટમાં મા.કમિશ્નરશ્રી, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ), આરોગ્ય અધિકારીશ્રી, તમામ નાયબ આરોગ્ય અધિકારીશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી(કતારગામઝોન) અને તમામ વોર્ડના મુખ્ય આરોગ્ય નિરિક્ષક, આરોગ્ય નિરિક્ષક, મદદનીશ આરોગ્ય નિરિક્ષકની હાજરીમાં મશીનનું ડેમોસ્ટ્રેશન કરી ચાલુ કરવામાં આવેલ છે. ઓર્ગેનીક વેસ્ટ કન્વર્ટર મશીનની કેપેસીટી ૨૫૦ કી.ગ્રા. છે. તેમાં સીંગણપોર શાકમાર્કેટ માંથી ૨૫૬ કી.ગ્રા. ઓર્ગેનિક વેસ્ટ(ભીનો કચરો), ૭૫ કી.ગ્રા. લાકડાનો વેર તથા ૨૫૦ ગ્રામ બાયોકલ્ચર નાખવામાં આવેલ છે અને તેમાથી આર્ગેનિક વેસ્ટના ૨૦% કમ્પોસ્ટ(ખાતર) બનીને તૈયાર થશે. આમ આપણે વેજીટેબલ માર્કેટમાં ભીનો અને સુકો કચરો અલગ કરવાનું તથા તેને કમ્પોસ્ટ(ખાતર) બનાવવાનું સુરત મહાનગરપાલિકાએ ચાલુ કરેલ છે અને તે કામગીરી તમામ ઝોનમાં કાર્યરત કરેલ છે. સુરત શહેરના તમામ નાગરીકોને જણાવવાનું કે, તમારા ઘર, દુકાન, ધંધાકીય સ્થળથી નિકળતા કચરાને વર્ગીકરણ કરી ભીનો કચરો(લીલા કલર)ના ડસ્ટબીનમાં તથા સુકો કચરો(સફેદ કલર)ના ડસ્ટબીનમાં અલગ કરી ડોર ટુ ડોરની ગાડીને આપવા વિનંતી છે. તેને દરેક ઝોનમાં મુકવામાં આવનાર ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર મશીન માંથી કમ્પોસ્ટ(ખાતર) બનાવવામાં મદદરૂપ થવા વિનંતી. ચાલો આપણે સહુ સાથે મળી આપણું શહેર સુદર–સ્વચ્છ અને નંબર–૧ અપાવવા માટે પહેલ કરી ભીનો કચરો અને સુકો કચરો અલગ કરીએ.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.



૧૬૨૮

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ર્જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૦૧/૦૧/૧૭ થી તા.૧૪/૦૧/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૦૧/૦૧/૧૭નાં રોજ **"પોન્ગલ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૦૬/૦૧/૧૭ના રોજ ખાનગી ટેક્ષટાઈલ માર્કેટ તથા શોપીંગ મોલની અંદર તેમજ બહારનાં ભાગે સફાઈ ઝુંબેશ તથા સેગ્રીગેશન તથા અલગ ડસ્ટબીન રાખવા માટેની ઝુંબેશ કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૬/૦૧/૧૭નાં રોજ ઝોન વિસ્તારમાં આવેલ મ્યુ/ખાનગી માર્કેટો તેમજ શોપીંગ મોલનાં હોદ્દાદારો, પ્રમુખ સેક્રેટરી, સખીમંડળના સભ્યો, આરોગ્ય વિભાગ તથા નગરજનોની સંયુકત ટીમો બનાવી દરેક મ્યુ/ખાનગી માર્કેટો તથા શોપીંગ મોલની અંદર તેમજ બહારનાં ભાગે ઘનીષ્ઠ સફાઈ ઝુંબેશ કરાવ્યા બાદ તેમની સંસ્થાઓમાંથી નીકળતો ભીનો/સુકો કચરાનું વર્ગીકરણ કરાવી તેને અલગ અલગ ડસ્ટબીનમાં કચરો રાખવા માટેનું સુચના અને સમજ આપવમાં આવેલ હતી.

| માર્કેટ/ટેક્ષટાઈલ/ શોપીંગ મોલ | ડસ્ટબીન ઝુંબેશમાં ભાગ લેનાર | | | | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક પાવડર(કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| | સ્ટોલ ધારકો | નાગરીકો | સુપરવાઈઝર | કામદાર | | |
| 21 | 42 | 153 | 28 | 84 | 1.534 | 241 |

વધુમાં સ્વચ્છતા ઝુંબેશમાં ભાગ લેનાર નાગરીકોને સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૬૨૯

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૦૧/૦૧/૧૭ થી તા.૧૪/૦૧/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૦૧/૦૧/૧૭નાં રોજ **"પોન્ગલ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૦૯/૦૧/૧૭ના રોજ તમામ વેજી/મટન/ટેક્ષટાઈલ માર્કેટની અંદર તેમજ આજુબાજુ પ્રતિબંધિત પ્લાસ્ટીકનો ઉપયોગ ન થાય તેનું ધનિષ્ઠ ચેકીંગ કરી પ્લાસ્ટીક જપ્ત કરવાની કાર્યવાહી કરી તે માટે પગલા લેવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૯/૦૧/૧૬ના રોજ સુરત મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં આવેલ સુરત શહેરના વેજી/મટન/ટેક્ષટાઈલ માર્કેટના વડાઓ, સખીમંડળના સભ્યો તથા આરોગ્ય વિભાગનાં સ્ટાફની સંયુકત ટીમો બનાવી ઝોન વિસ્તારમાં આવેલ માર્કેટોમાં પ્રતિબંધિત પ્લાસ્ટીક ઝુંબેશનું ધનિષ્ઠ અભિયાન હાથ ધરી પ્લાસ્ટીક જપ્ત કરવાની કામગીરી કરી નોટીસ પાઠવવામાં આવેલ હતી.

| વેજી/મટન/ટેક્ષટાઈલ માર્કેટો | સુપરવાઈઝર | કામદાર | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ | જપ્ત કરેલ પ્લાસ્ટીક (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|---|
| 207 | 15 | 42 | 90 | 23550 | 123 | 56.75 |

વધુમાં સ્વચ્છતા બાબતે આરોગ્ય વિભાગના સ્ટાફ ધ્વારા ઝુંબેશમાં ભાગ લેનાર માર્કેટના સભ્યો, સખીમંડળના સભ્યો, નાગરીકોને સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.


**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૬૩૦

# –: પ્રેસનોટ :–

સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન : ૨૬ મી જાન્યુઆરી, ૨૦૧૭ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૦/૦૧/૨૦૧૭, મંગળવારના રોજ લીંબાયત ઝોન વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાઓના ધો.૨ થી ૪ની ચિત્રકામ અને ધો.૫ થી ૮ના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓની નિબંધ સ્પર્ધા બપોરે ૧૨.૦૦ કલાકે અને દેશભકિત અને લોકસંસ્કૃતિ પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમોની સ્કુટિની બપોરે ૨:૦૦ કલાકે ન.પ્રા.શિ.સમિતિ શાળા નં.૨૪૬, ૨૪૭ ઈશ્વરપુરા નવાગામ, નવાગામ ડીંડોલી વોર્ડ ઓફિસની બાજુમાં, ડીંડોલી મેઈન રોડ, સુરત ખાતે યોજવામાં આવી હતી. બંને સ્પર્ધાઓ મળી કુલ ૩૦૦થી પણ વધુ બાળકોએ ભાગ લીધેલ હતો.

સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ સ્પર્ધકોને સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી. આ સ્પર્ધામાં વિજેતા થયેલ સ્પર્ધકોને તા.૨૬/૦૧/૨૦૧૭ના રોજ લીંબાયત ઝોન : વોર્ડ નં.૨૫, નીલગીરી ગ્રાઉન્ડ, નીલગીરી સર્કલ પાસે, લીંબાયત, સુરત ખાતે યોજાનાર ધ્વજવંદન બાદ સન્માન સમારોહ કાર્યક્રમમાં મા.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયાના વરદહસ્તે સન્માનિત કરવામાં આવશે.



ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૭ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૦/૦૧/૨૦૧૭ના રોજ ન.પ્રા.શિ.સમિતિ શાળા નં.૨૪૬, ૨૪૭, લીંબાયત ખાતે યોજાયેલ નિબંધ અને ચિત્રકામ સ્પર્ધામાં ભાગ લઈ રહેલા સ્પર્ધકો દ્રશ્યમાન છે.

૧૬૩૧

# :: પ્રેસનોટ ::

## સુરતના આંગણે તા.૧૨મી જાન્યુઆરી ૨૦૧૭ના રોજ "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ"

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ, જીલ્લા વહીવટી તંત્ર, સુરત અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ–૨૦૧૭"નું આયોજન તા.૧૨/૦૧/૨૦૧૭ને ગુરૂવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકથી સાંજે ૪.૦૦ કલાક સુધી રીવર ફ્રન્ટની બાજુનો પ્લોટ, અડાજણ રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ – ૨૦૧૭માં માન.મંત્રીશ્રીઓ, સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં ખુલ્લો મુકવામાં આવશે. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથોસાથ બલુનો ગગનમાં વિહરતા કરી પતંગ મહોત્સવનો શુભારંભ કરવામાં આવશે. આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ–૨૦૧૭માં કયુરાકાઉ, એસ્ટોનીયા, ફ્રાંસ, જર્મની, ઈન્ડોનેશિયા, ઈઝરાયલ, તુર્કી, સ્વિટર્ઝલેન્ડ વિગેરે દેશોના ૨૯ જેટલા ઈન્ટરનેશનલ પતંગબાજો અને ભારતનાં જુદાં–જુદાં રાજયોના ૨૭ પતંગબાજો મળી કુલ ૫૬ જેટલા પતંગબાજો ભાગ લેશે. આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં દેશ વિદેશથી પધારેલ પતંગબાજો તેમના વિવિધ આકારોવાળી કાપડ, ફાઈબર ગ્લાસ વગેરેની મહાકાયડ્રેગન, કથકલી ડિઝાઈનવાળા પતંગો જેવી અવનવી ડિઝાઈનવાળા પતંગોને ઉડાડવામાં આવશે. આ વિવિધ પતંગોની ડિઝાઈનોથી સુરતનું આકાશ રંગબેરંગી અને અવનવા પતંગોથી આચ્છાદિત કરશે. આ પ્રસંગે ગુજરાત અને દેશની ઉમદા સંસ્કૃતિને ઉજાગર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવેલ છે.

આ "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ – ૨૦૧૭"ના રોજ સાંજે ૬.૩૦ કલાકે વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા કે લોકનૃત્ય, જાણીતા ફિલ્મ કલાકારો શ્રી કિરણ આચાર્ય, શ્રી આશા પંચાલ, શ્રી સંજય મૌર્ય અને શ્રી ગોપાલ રાવલ દ્વારા કાર્યક્રમ તથા રંગલો–રંગલીની રજુઆત કરતી પતંગ–ફીરકીની ભવાઈનું આયોજન રીવર ફ્રન્ટની બાજુનો પ્લોટ, અડાજણ રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. તથા સ્વાદપ્રિય જનતા માટે ખાણી–પીણીના સ્ટોલોનું પણ આયોજન કરવામાં આવનાર છે. દેશ–વિદેશથી પધારેલ પતંગબાજોના અવનવા કરતબોને માણવા તથા વિવિધ વાનગીઓના સથવારે વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમોને માંણવા શાળા–કોલેજના વિદ્યાર્થીઓ તથા ઉત્સવપ્રેમી નગરજનોને જાહેર નિમંત્રણ છે.

૧૬૩૨

# પ્રેસનોટ

## સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

**તા.૦૯.૦૧.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એક્ટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૨** ફાઈલના **રૂા.૦.૦૪ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–**૦૬ લોકેશન (ખાડા) ૪૩૫.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૨૭.૨૬** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–**૦૮** લોકેશન (ખાડા) **૨૭૫.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–**૧૦** લોકેશન, **૧૫૭૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા સાઉથ ઝોન (ઉધના) ભેસ્તાન ચાર રસ્ત થી સોમેશ્વર સોસાયટી તરફના રોડ પાસેથી **૦૪** લારીઓનું દબાણ દુર કરવામાં આવેલ. તથા **રૂા.૧,૨૦૦/**– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૩,** પાણીના નવા કનેકશન કુલ : **૦૪** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૧૨,૦૦૦/**– વસુલ લેવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૮૫** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૭૨** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૧૬.૫૦** લાખ થયેલ છે., તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૨.૭૧** લાખ થયેલ છે., **૨૧** EC તથા **૧૧** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૫,૨૬૪/**– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૪,૮૦૦/**– વસુલ લેવામાં આવેલ છે**., ૧૨૭** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૨** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૯** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૨૨૨.૩૨૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૧૮** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૬,૪૦૦/**– છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૨૧૦૯** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૯૬૬૫** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ ૯૯ છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૭૩૮** કરવામાં આવેલ છે. જયારે **૨૪** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧૦,૪૦૦/**– વસુલ લેવામાં આવેલ છે.

૧૬૩૩

**પ્રેસનોટ**
**સાઉથઝોન(ઉધના)**
**સુરત મહાનગરપાલિકા**

તા.૧૦.૦૧.૨૦૧૭ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૂડા એક્ટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૦૪ ફાઈલના રૂા.૦.૪૬ **લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–૦૬ **લોકેશન (ખાડા) ૬૦૦.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ ૩૯.૧૨ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૫** લોકેશન (ખાડા) **૫૫૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૦૯** લોકેશન, **૨૧૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે, તથા સાઉથ ઝોન (ઉધના) માં વડોદ આવાસ ૯/૧ પાસેથી **૧૪** લારીઓ તથા ૦૩ કેબિનોનું દબાણ દુર કરવામાં આવેલ., સાઉથ ઝોન (ઉધના) ટી.પી.સ્કીમ નં.૫૯(ઉન), શોએબ નગર–બી માં ૯.૦૦ મી.ના રોડ પરથી **૬૦૦ ચો.ફુટ** પાકા મકાનોનું ડિમોલીશન કરવામાં આવેલ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ: **૦૪**, પાણીના નવા કનેકશન કુલ : ૦૫ આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં** નાણાં પેટે **રૂા.૦/–** વસુલ લેવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૨૮ છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૬૬** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૮૨.૮૭** લાખ થયેલ છે., તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૩.૭૬** લાખ થયેલ છે., ૧૦ EC તથા ૦૨ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૪,૪૩૯/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૬૦૦/–** વસુલ લેવામાં આવેલ છે., **૧૪૧** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૮** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૬** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૨૪૨.૩૬૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૧૦** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૧,૫૦૦/–** છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૩૨૧૬** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૩૧૩૯૧** બ્રિડીંગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૯૯ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૬૭૭** કરવામાં આવેલ છે. જ્યારે **૪૭** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૪૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં......1633......**
**તા.૧૦–૦૧– ૨૦૧૭**

૧૬૩૪

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૧૦/૦૧/૨૦૧૭ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) ટી.પી.સ્કીમ નં.૫૯(ઉન), શોએબ નગર–બી સોસાયટી માં ૯.૦૦ મી.ના રોડ પરથી ૬૦૦ ચો.ફુટ કાચા પાકા મકાનોનું ડિમોલીશન કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૧૬૩૫

# પૂર્વઝોન(વરાછા)

તા.૧૧/૦૧/ ૨૦૧૭

## સુરત મહાનગરપાલિકા પૂર્વ(વરાછા)ઝોનમાં કરેલ વિવિધ કામગીરી અંગે.

સુરત મહાનગરપાલિકાના પૂર્વ(વરાછા)ઝોનમાં તા.૧૧/૦૧/૨૦૧૭ ના રોજ ટી.પી./ટી.ડી.ઓ. વિભાગની કરવામાં આવેલ કામગીરીઓ નીચે મુજબ છે.

**(૧) ગેરકાયદેસર બાંધકામ :**

- પ્રિ.ટી.પી. સ્કીમ નં.૨૪(મોટા વરાછા–ઉત્રાણ)ના ફા.પ્લોટ નં. ૧૫૯ કે જે યુટીલીટી સેન્ટરના હેતુ માટે રીઝર્વડ પ્લોટમાં આવેલ આશરે ૩૮૪.૦૦ ચો.મી. ના માપ વિસ્તારમાં કરવામાં આવેલ એંગલ તથા પતરાનો શેડ સ્વૈચ્છાએ દુર કરાવી કુલ ૧૦૩૭.૦૦ ચો.મી. ક્ષેત્રફળનો રીઝર્વેશન પ્લોટનો કબ્જો મેળવવામાં આવેલ છે.
- ટી.પી. સ્કીમ નં.૧૭(ફુલપાડા), ફા.પ્લોટ નં. ૯૬ માં આવેલ નર્મદનગર કો.ઓ.હા.સોસા.ના સબ પ્લોટ નં. ૭૬,૭૭ અને ૭૮ માં ગ્રાઉન્ડ ફલોર પર મિલકતદારો ધ્વારા રહેણાંકમાંથી હેતુફેર કરી કોર્મશીયલ વપરાશ શરૂ કરતાં અત્રેથી કુલ ૦૯ (નવ)કોર્મશીયલ વપરાશ ધરાવતા યુનીટને સીલ મારવામાં આવેલ છે.

(૨) આજ રોજ **આઈ.સી. ના નાણા** પેટે રૂા.૧૩,૩૧૫/– ની રકમની વસુલાત કરવામાં આવેલ.

(૩) આજ રોજ **ઈમ્પેકટ ફી** પેટે ચેક થી રૂા.૨૪૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ.

(૪) **આજ** રોજ વરાછાઝોનના **વ્યવસાયવેરા** વિભાગમાં કુલ ૪(ચાર) ટીમ ધ્વારા વ્યવસાયવેરાને સંલગ્ન સ્થળ તપાસની કામગીરી/ ડીફોલ્ટરની કામગીરી કરવામાં આવેલ. જે પૈકી રૂા.૪,૮૦,૨૩૩/– વ્યવસાયવેરો વસુલ કરવામાં આવેલ.

૧૬૩૬

# પ્રેસ નોટ

.......................

## માહે ડીસેમ્બર ૨૦૧૬ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટલમાં માહે ડીસેમ્બર ૨૦૧૬ દરમ્યાન ૫૮૦૧ ઈન્ડોર તથા ૫૪૨૭૮ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૩૩૭૬ તથા ૭૩૯ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૧૧૯૫૨ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બીના નવા ૮૫૯ અને જુના ૧૪૬૮ દર્દીઓ સહીત કુલ ૨૩૨૭ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૫૨૪ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૪૪૪ તથા આંખ વિભાગમાં ૩૭૪૨ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૬૯૧૫ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

૧૬૩૭

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૦૧/૦૧/૧૭ થી તા.૧૪/૦૧/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૦૧/૦૧/૧૭નાં રોજ **"પોન્ગલ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૦/૦૧/૧૭ના રોજ ખાનગી/મ્યુ.વેજી/મટન માર્કેટનાં હોદ્દાદારો તેમજ સખીમંડળોને સાથે રાખી જનજાગૃતિ કરવા માટે રેલીનું આયોજન કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૦/૦૧/૧૭ના રોજ સુરત મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં આવેલ સુરત શહેરના ખાનગી/ મ્યુ.વેજી/મટન માર્કેટનાં હોદ્દાદારો તેમજ સખીમંડળોના સભ્યો, જાહેર જનતા તથા આરોગ્ય વિભાગની સંયુકત ટીમો બનાવી ઝોન વિસ્તારની માર્કેટોમાં સ્વચ્છતા બાબતે નાગરીકોમાં જનજાગૃતિ લાવવા માટે રેલીનું આયોજન કરવામાં આવેલ હતું.

| રેલીમાં ભાગ લેનારની સંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|
| પદાધિકારીઓ | હોદ્દાદારો | સખીમંડળો | નાગરીકો | સુપરવાઈઝર | કામદાર |
| 92 | 68 | 88 | 212 | 17 | 51 |

વધુમાં સ્વચ્છતા બાબતે આરોગ્ય વિભાગના સ્ટાફ ધ્વારા ઝુંબેશમાં ભાગ લેનાર માર્કેટના સભ્યો, સખીમંડળના સભ્યો, નાગરીકોને સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૬૩૮

# : <u>પ્રેસ નોટ:</u>

## <u>ઈ.ડબલ્યુ.એસ. આવાસો / મિલકતવેરા/ વ્યવસાયવેરાના બાકી માગણાં બાબતે</u>

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેઠળનાં કાપોદ્રા ખાતે આવેલ ઈ.ડબલ્યુ.એસ. આવાસોનાં બાકી નાણાં વસુલાત માટે આજરોજ આસી.મ્યુ.કમિશ્નરશ્રી પૂર્વઝોન(વરાછા), એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફીસરશ્રી તેમજ સબંધિત ખાતાના કર્મચારીઓ ધ્વારા સામૂહિક ઝુંબેશ કરવામાં આવેલ. જેમાં ૯૬ આવાસ ધારકો પાસેથી રૂા.૧,૪૦,૦૦૦/– થી વધુ સ્થળ ઉપર વસુલવામાં આવેલ તેમજ આકારણી અને વસુલાત વિભાગ તથા વ્યવસાયવેરા વિભાગ ધ્વારા લાંબા સમયથી બાકી મિલકતવેરાની રીકવરી સ્થળ પર રૂ. ૬ લાખથી વધુ આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા તેમજ રૂ. ૧૦ લાખથી વધુ વ્યવસાયવેરા વિભાગ ધ્વારા વસુલવામાં આવેલ છે.

પૂર્વઝોન (વરાછા) કાર્યક્ષેત્રમાં આવેલ મિલકત વેરો બાકી પડે છે તેવી મિલકતો સીલ કરી વસૂલ કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જેથી બાકી કરદાતાઓને બાકી નીકળતો મિલકતવેરો તેમજ વ્યવસાયવેરો સમયસર ભરપાઈ કરવા આકારણી અને વસૂલાત વિભાગ તેમજ વ્યવસાયવેરા વિભાગ, વરાછાઝોન ઓફીસનો સંપર્ક કરવા જાહેર જનતાને અનુરોધ છે.

૧૬૩૯

# :: પ્રેસનોટ ::

## <u>સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ ઉજવણી</u>

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૧૨/૦૧/૨૦૧૭ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ કલાકે મકકાઈ પુલ, સુરત ખાતે પ્રતિમાને સુતરાંજલી અર્પણ કરી વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ પ્રસંગે માન.ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, શાસક પક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, સુરત શહેર ભાજપ પ્રમુખશ્રી નિતીન ભજીયાવાલા, સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓએ સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી વંદના કરી હતી. ૧૨ જાન્યુઆરીની પ્રભાતે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના બાળકો દ્વારા સ્વામી વિવેકાનંદએ આપેલ સૂત્રોને રજુ કરતા બેનરો સાથે રેલી આકારે આવી આ કાર્યક્રમમાં જોડાયા હતા તથા સ્વામી વિવેકાનંદના જીવન ચરિત્ર ઉપર વકતવ્ય રજુ કર્યું હતું. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના બાળકો, શાળાના શિક્ષકો અને શહેરીજનોએ સ્વામી વિવેકાનંદજીને પુષ્પો અર્પણ કરી વંદના કરી હતી.



સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે તા.૧૨/૦૧/૧૭ના રોજ સ્વામી વિવેકાનંદજીને પુષ્પાંજલિ અર્પણ કરતા ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી તથા સુરત શહેર ભાજપ પ્રમુખશ્રી નિતીનભાઈ ભજીયાવાલા દ્રશ્યમાન છે.

# –: પ્રેસ નોટ :–

## "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૧૬"

ગુજરાત પ્રવાસન નિગર, જીલ્લા વહીવટી તંત્ર સુરત અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ–૨૦૧૭"નું આયોજન તા.૧૨/૦૧/૨૦૧૭ને ગુરૂવારના રોજ સવારે ૧૦.૦૦ થી બપોરે ૪.૦૦ કલાક દરમ્યાન રીવર ફ્રન્ટની બાજુનો પ્લોટ, અડાજણ રોડ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. શિયાળાની ગુલાબી ઠંડી અને સુવર્ણમયી સવારેકયુરાકાઉ, એસ્ટોનીયા, ફ્રાંસ, જર્મની, ઈન્ડોનેશિયા, ઈઝરાયલ, તુર્કી, સ્વિટર્ઝલેન્ડ વિગેરે દેશોથી પધારેલ ૨૯ જેટલા ઈન્ટરનેશનલ કાઈટીસ્ટો તથા આપણા દેશના વિવિધ રાજયોમાંથી આવેલ પતંગબાજોનું પ્રવેશદ્વારે ઢોલના નાદે, કચ્છી ઘોડી નૃત્યના તાલે, કુમકુમ તિલક અને ફુલોથી બાળાઓ દ્વારા ઉષ્માસભર સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પી. બી. દેસાઈ પ્રાયમરી શાળાની બાળાઓના સ્વાગતનૃત્યથી કરવામાં આવી હતી. શ્રી કંચનલાલ મામાવાળા ન.પ્રા.શાળા ક્રમાંક : ૮૮ની બાળાઓએ કાઈપો...છે, ઢીલ દે.. ઢીલ દે દે રે..ભૈયા ગીત રજુ કર્યુ હતું. નૃત્યમ નર્તન અકાદમીના કલાકારો દ્વારા કાઈટ ફોક ડાન્સ રજુ થયું હતું તો સરગમ ડાન્સ એકેડમીના બાળકલાકારોએ કાઈપો...છે, ઢીલ દે.. ઢીલ દે દે રે..ભૈયા ગીત મંચ અને મંચની નીચે રંગબેરંગી વેશભૂષામાં સજજ પતંગ અને ફીરકી સાથેના નૃત્યએ નેશનલ ઈન્ટરનેશનલ કાઈટીસ્ટો સાથે ઉપસ્થિત તમામ લોકોના દીલ જીતી લીધાં હતાં. છેલ્લે સ્વપ્નધ્વનિ કલાવૃંદના કલાકારો દ્વારા ગુજરાતી હોવાનું ગૌરવ લેતું અને લોકજીવનનો ધબકાર રજુ કરતું 'સપ્તરંગી ગુજરાત મારું સપ્તરંગી ગુજરાત' ગીતમાં ગુજરાતના રંગમાં રંગાઈને દેશ–વિદેશી કાઈટીસ્ટો પણ ઉમળકાભેર નૃત્યમાં જોડાતાં આ પતંગોત્સવ એકતા પર્વ સમું બની રહ્યું હતું.

દીપપ્રાગ્ટય બાદ મંચસ્થ મહાનુભાવો, કાઈટીસ્ટો તેમજ નગરજનોને આવકારતા માનનીય કલેકટરશ્રી મહેન્દ્ર પટેલએ જણાવ્યું હતું કે સુરત શહેરમાંથી પસાર થતી તાપી નદીના સાનિધ્યમાં રીવરફ્રંટ ખાતે ગુજરાત પ્રવાસન નિગમ લિમીટેડ, જીલ્લા વહીવટી તંત્ર સુરત અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે આયોજીત આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ–૨૦૧૭માં ઉપસ્થિત તમામને આવકારી સુરતના આંગણે આવેલ મહેમાનો દ્વારા નિર્દશન થનાર પતંગોને ગગનમાં વિહરતા નિહાળીશું. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવો અને દેશ–વિદેશથી પધારેલ કાઈટીસ્ટોનું બુકે અને મોમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

સમારંભ અધ્યક્ષ એવા ડે. મેયરશ્રી શંકરભાઈ ચેવલીએ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં ગુજરાત સરકારશ્રીના નિમંત્રણને માન આપી પધારેલ કાઈટીસ્ટોને આવકારી જણાવ્યું હતું કે ગુજરાતની વિવિધ સંસ્કૃતિ, ઉત્સવો, મેળા વિગેરેનું વર્ષ દરમ્યાન આયોજન કરી ગુજરાતને દેશ તથા વિશ્વમાં ટુરિઝમ ક્ષેત્રે આકર્ષવા અને પોતાની આગવી ઓળખ બનાવવા રાજય સરકારના સહયોગથી દર વર્ષે સુરતમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આપણું રાષ્ટ્ર પણ માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકાસની નવી ક્ષિતિજો તરફ ઉંચી અને આંબેરી ઉડાણ ભરી રહી છે ત્યારે ઉત્સવપ્રિય સુરતીઓ પણ તેમનો યથાશકિત ફાળો આપે એવી અપેક્ષા રાખું છું. સાથે સાથે મકરસંક્રાતિની શુભકામના પાઠવી નગરજનોને આ મહોત્સવમાં સહભાગી થવા અપીલ કરી હતી. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોની ઉપસ્થિતિમાં ત્રિરંગી બલુનને ઊંચા ગગનમાં વિહરતા કરી દેશ વિદેશથી પધારેલ પતંગબાજોને તેમની ભાતીગળ પતંગોનું નિદર્શન કરવા આમંત્રિત કર્યા હતા.

આ પ્રસંગે જર્મનીથી પધારેલ કાઈટીસ્ટ અક્ષેલ ફ્રેંકએ પોતાના પ્રતિભાવમાં તેઓ સુરતના આતિથ્યથી ખુબ જ પ્રભાવિત હોવાનું જણાવ્યું હતું. તેમણે નાના બાળકોને નાની સ્ટીક સાથેના ડાયમંડ કાઈટ પતંગો આપી હોંશભેર સેલ્ફી પડાવી હતી તથા કેરાલાથી પધારેલ કાઈટીસ્ટ શ્રી અબ્દુલ્લા મલીયેકકાલએ ગુજરાતીઓના મળતાવડા સ્વભાવ અને સુરત ખાતે રજુ થતા ગુજરાત અને દેશની ઉમદા સંસ્કૃતિને ઉજાગર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમને ખૂબ જ વખાણ્યો હતો. સ્વિટઝરલેન્ડના કાઈટીસ્ટોએ અલાઉદીન, હિપ્પો તેમજ કાઉ પ્રકારના ૧૩ મીટર લંબાઈના વિશાળકાય પતંગો ઉડાડી લોકોને આશ્ચર્યચકીત કર્યા હતા. કયુરાકાઉના કાઈટીસ્ટે તમામ પ્રકારના ગ્રેસ પતંગને વિહરીત કર્યુ હતું. તુર્કીના પતંગબાજોએ ૮ ફુટ લંબાઈના ૪૫ કિલો વજન ધરાવતા તુર્કીની સ્થાનિક પરંપરાને ઉજાગર કરતા શાહમેરાન પતંગને પોતાની કળા અને કૌશલ્યથી ચગાવી લોકોને અચંબિત કર્યા હતા. ફ્રાસના પતંગબાજોએ ટ્રીલોબાઈટ, પીકલીકસના પતંગ, એસ્ટ્રોનીયાના પતંગબાજે ટાઈગર, પીકલીકસ, જર્મનીના પતંગબાજોએ ગરોળીની પ્રતિકૃતિના કેકો, ઈઝરાયેલના પતંગબાજોએ ડાયનાસોર પતંગ ઉડાડયા હતા.

ઈન્ડોનેશીયાના પતંગબાજોએ 'આઈ લવ ગુજરાત'ના સ્લોગન આકારનું વિશાળકાય પતંગ આકાશમા વિહરતું કર્યુ હતુ. જયારે કેરાલા, કર્ણાટક, નવસારી, સુરતથી પધારેલા કાઈટીસ્ટોએ ડ્રેગન કાઈટ, ફીશ કાઈટ, ફલ્યુટ કાઈટ(વાસળીનો અવાજ કરતુ પતંગ), સ્પાઈડરમેન, ઓકટોપસ, ફરતા પંખા પકારનુ પતંગ જેવા આકર્ષક ટ્રેડીશનલ પતંગો આકાશમાં વિહરતા કર્યા હતાં. આમ સુરતના આંગણે યોજાયેલ આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં વિશાળ કદથી લઈ નાનામાં નાના વિવિધ આકાર અને ડિઝાઈનના ભાતીગળ પતંગોની ડિઝાઈનોથી સુરતનું આકાશ આચ્છાદિત કરતાં આ કાર્યક્રમ સુરતના લોકો માટે નવિન નજરાણું બની રહ્યો હતો. સુરતની સ્વાદ પ્રિય જનતા માટે ખાણી–પીણીના સ્ટોલનું પણ આયોજન કરવામાં આવ્યુ હતું.

આ પ્રસંગે મંચસ્થ મહાનુભવો, કાઈટીસ્ટો, જાહેર જનતાનો સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈએ આભાર માન્યો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રીમતિ સંગીતાબેન પાટીલ, મ્યુ.કમિશનરશ્રી એમ.થેન્નારાસન,આઈ.એ.એસ., શાસક પક્ષના નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા, વિવિધ સમિતિના ચેરમનશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, ઉત્સવ પ્રેમી નગરજનો, શાળા–કોલેજના વિદ્યાથીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાઈટ ફેસ્ટીવલ માણ્યો હતો.





૧૬૪૧

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૧૧.૦૧.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૧૩** ફાઈલના **રૂા.૦.૪૮ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–**૦૯ લોકેશન (ખાડા) ૬૧૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૪૩.૨૫** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૬** લોકેશન (ખાડા) **૨૨૫.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૦** લોકેશન, **૧૬૮૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા સાઉથ ઝોન (ઉધના) માં ગુરૂકૃપા સ્કુલ, પટેલ નગર, બમરોલી ૧૨૦ ફુટ રોડ પરથી અને પાંડેસરા હાઉસીગ શાકમાર્કેટ પાસે થી **૧૦** લારી–ગલ્લાઓનું દબાણ દુર કરવામાં આવેલ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ ૦૩, પાણીના નવા કનેકશન કુલ : **૦૪** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૬૫** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ ૯૯ છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૫૦.૧૧** લાખ થયેલ છે., તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૩.૧૨** લાખ થયેલ છે., **૨૧** EC તથા **૦૭** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૪,૮૪૪**/– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૭૦૦**/– વસુલ લેવામાં આવેલ છે**.**, **૧૩૫** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૮૩** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૯** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૨૪૨.૩૨૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૫** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૪,૧૦૦/**– છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૪૫૫૨** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૯૫૨૯** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૭૯** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૫૮૪** કરવામાં આવેલ છે. જયારે **૩૪** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૦૦૦/**– વસુલ લેવામાં આવેલ છે.

૧૬૪૨

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૧૨.૦૧.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૯** ફાઈલના **રૂા.૦.૨૨ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–**૦૭ લોકેશન (ખાડા) ૩૪૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૨૬.૭૯** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૪** લોકેશન (ખાડા) **૧૫૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–૦૯ લોકેશન, **૧૯૩૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા સાઉથ ઝોન (ઉધના) માં ઉધના રોડ નં.૩, એસ.પી. રોડ પાસેથી **૦૮** લારીઓનું દબાણ દુર કરવામાં આવેલ., તથા **રૂા.૧,૩૦૦/–** વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ. તથા સાઉથ ઝોન (ઉધના)માં ઉદ્યોગ નગર સંઘ, રોડ નં.૧ માં બ્લોક નં.એ/૧/૧૬ ખાતે આશરે **૮૦૦** ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. તેમજ શટરીંગ બાંધકામનું ડિમોલીશન કરવામાં આવેલ. અને વહીવટી ચાર્જ પેટે રૂા.૪૦,૦૦૦/–, ડિમોલીશન ચાર્જ પેટે રૂા.૫૦,૦૦૦/–, સી.ડી.વેસ્ટ ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૪**, પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૧૭,૨૩૦/–** વસુલ લેવામાં આવેલ, તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૨.૯૧** લાખ થયેલ છે., **૨૩** EC તથા **૧૨** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૩,૯૬૨/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૫૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**.**, **૧૦૬** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૨૧** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૬** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૨૨૧.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૫** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૪,૧૦૦/–** છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૨૦૭૮** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૮૯૪૯** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૬૭** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૬૪૦** કરવામાં આવેલ છે. જયારે **૨૮** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૬૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૧૬૪૩

# –: પ્રેસનોટ :–

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૧૨/૦૧/૨૦૧૭ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)ઉદ્યોગ નગર સંઘ, રોડ નં.૧ માં બ્લોક નં.એ/૧/૧૬ ખાતે આશરે ૮૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. તેમજ શટરીંગ બાંધકામનું ડિમોલીશન કરવામાં આવેલ છે. અને વહીવટી ચાર્જ પેટે રૂા.૪૦,૦૦૦/–, ડિમોલીશન ચાર્જ પેટે રૂા.૫૦,૦૦૦/–, સી.ડી.વેસ્ટ ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૧૬૪૪

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૦૧/૦૧/૧૭ થી તા.૧૫/૦૧/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૦૧/૦૧/૧૭નાં રોજ **"પોન્ગલ ડે"** થીમ નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૨/૦૧/૧૭ના રોજ માર્કેટ વિસ્તારોમાં જૈવિક ખાતરો બનાવવાના સાધનો મુકાવવા કાર્યવાહી કરવી તથા માર્કેટ વિસ્તારોમાં સ્વચ્છતા અંગેનાં હોર્ડીગ અને બેનરો લગાવવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૨/૦૧/૧૭નાં રોજ ઝોન વિસ્તારમાં આવેલ માર્કેટનાં હોદ્દાદારો, આરોગ્ય વિભાગ/સોલિડ વેસ્ટની  સંયુકત ટીમો બનાવી માર્કેટ વિસ્તારોમાં જૈવિક ખાતરો બનાવવાના ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર મુકાવવાની કાર્યવાહી કરાવવામાં આવી તથા માર્કેટ વિસ્તારોમાં સ્વચ્છતાલક્ષી હોર્ડીગ અને બેનરો દ્વારા નાગરીકોમાં સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

| માર્કેટ | જૈવિક ખાતરો બનાવવાતા મશીન | કર્મચારી/નાગરીકો | હોર્ડીગ / બેનરો | સુપરવાઈઝર | કામદાર |
|---|---|---|---|---|---|
| 25 | 2 | 57 | 120 | 7 | 35 |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૬૪૫

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૦૧/૦૧/૧૭ થી તા.૧૫/૦૧/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૦૧/૦૧/૧૭નાં રોજ **"પોન્ગલ ડે"** થીમ નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૧/૦૧/૧૭ના રોજ તમામ ખાનગી/મ્યુ. માર્કેટની બહાર સુકા અને ભીના કચરાના ડસ્ટબીન વર્ગીકરણ માટેનાં બોંર્ડ મુકવવા તથા અંદર તેમજ બહારનાં ભાગે દબાણ દુર કરી સફાઈ ઝુબેશનો કાર્યક્રમ કરવા માટે રેલીનું આયોજન કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૧/૦૧/૧૭ના રોજ સુરત મહાનગરપાલિકાના જુદાં જુદાં ઝોન વિસ્તારમાં આવેલ ખાનગી તેમજ મ્યુ.માર્કેટનાં હોદ્દાદારો,આરોગ્ય/ઈજનેર વિભાગની સંયુકત ટીમો બનાવી દરેક ખાનગી/મ્યુ. માર્કેટની બહાર સુકા અને ભીના કચરાના ડસ્ટબીન વર્ગીકરણ માટેનાં બોંર્ડ મુકી/મુકાવી તથા અંદર તેમજ બહારનાં ભાગે દબાણ દુર કરી ઘનિષ્ઠ સફાઈ ઝુબેશનો કાર્યક્રમ કરી માર્કેટમાં વેચાણકર્તાને ડસ્ટબીનમાં કચરો રાખવા માટેનું સુચના અને સમજણ આપવા માટે રેલીનું આયોજન કરવા જણાવવામાં આવેલ હતું.

| ખાનગી/મ્યુ.માર્કેટ | સફાઈ ઝુંબેશમાં ભાગ લેનારની સંખ્યા | | | | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક પાવડર(કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| | હોદેદારો/વેચાણકર્તા | સુપરવાઈઝર | કામદર | બેનરો/બોર્ડ | | |
| 31 | 184 | 23 | 115 | 14 | 1.256 | 352 |

વધુમાં સ્વચ્છતા બાબતે આરોગ્ય વિભાગના સ્ટાફ ધ્વારા ઝુંબેશમાં ભાગ લેનાર માર્કેટના સભ્યો, સખીમંડળના સભ્યો, નાગરીકોને સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૬૪૬

# :: પ્રેસનોટ::

## "૧૬મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો"

સુરત મહાનગરપાલિકા દ્વારા "૧૬મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળા"નું આયોજન તા.૨૫/૦૧/૨૦૧૭ થી તા.૨૯/૦૧/૨૦૧૭ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવનાર છે. આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં બપોરે અને સાંજે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૨૫/૦૧/૨૦૧૭ના રોજ ધો.૧ થી ૮ની ચિત્રકામ સ્પર્ધા, તા.૨૬/૦૧/૨૦૧૭ના રોજ ખુલ્લા વિભાગ(૧૮ વર્ષથી ઉપરના)ની તુલસી કયારા ડેકોરેશન સ્પર્ધા અને ધો.૫ થી ૧૨ની દેશભકિત આધારિત ગૃપ ડાન્સ કોમ્પીટીશન, તા.૨૭/૦૧/૨૦૧૭ના રોજ માધ્યમિક અને ખુલ્લા વિભાગ(૧૮ વર્ષથી ઉપરના)ની વારલી પેઈન્ટીંગ સ્પર્ધા, તા.૨૮/૦૧/૨૦૧૭ના રોજ ખુલ્લા વિભાગ(૧૮ વર્ષથી ઉપરના)ની કુંડા પેઈન્ટીંગ સ્પર્ધા અને તા.૨૯/૦૧/૨૦૧૭ના રોજ ખુલ્લા વિભાગ(૧૮ વર્ષથી ઉપરના)ની કેન્વાસ પેઈન્ટીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ તમામ સ્પર્ધાઓના ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત (ટે.નં. ૨૪૨૩૭૫૧ થી ૫૬–EXT : 245) ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી સ્પર્ધાના અગાઉના દિવસ સુધી પરત કરવાના રહેશે. આ સ્પર્ધાઓના ફોર્મ સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ મળી શકશે.

૧૬૪૭

# <u>સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **<u>તા.૧૩/૦૧/૧૭</u>** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં ચુમ્માલીશ ચાલ,કોટડા મહોલ્લો,રોહિતફળીયં,રામપુરા,કાદરશાની નાળ,ખલીફા મહોલ્લો,હબીબશા મહોલ્લો, જમાલશા મહોલ્લો,મૃગવાન ટેકરો,નાનકવાડી જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં અડાજણ પાટિયા દરગાહ વિસ્તાર,રેવા નગર ઝુપડપટ્ટી,મહાદેવનગર ઝુપડપટ્ટી,દિનદયાળ સોસા,પ્રશાંતનગર–૧,શાકમાર્કેટ વિસ્તાર,રામનગર જેવા વિસ્તારમાં,ઉધના ઝોનમાં સંજયનગર GEB દક્ષેશ્વરનગર,એચ.૧૫ આવાસ સી. બ્લોક,હીરાનગર,યાદગારનગર,તવકકલનગર,આર્શીવાદનગર, બાપુનગર જેવા વિસ્તારોમાં લિંબાયત ઝોનમાં રંગીલાનગર શાકમાર્કેટ, રંગીલાનગર, રામેશ્વરનગર, ત્રિકમનગર, રણછોડનગર ડુંભાલ ટેનામેન્ટ શાકમાર્કેટ, મીલેનીયમ ટેક્ષટાઈલ માર્કેટ,મોદી એસ્ટેટ,અમીધારાનગર, જગદંબા નગર,શ્રીજીનગર, લક્ષ્મીનારાયણ–૧,૨,રાધા કૃષ્ણનગર રઘુકુલનગર,શ્રીહરીનગર,મહાદેવનગર–૧,૨,દેવદર્શનનગર, હરિહરનગર, સાંઈનગર શિવા નગરી,મંગલદીપ સોસાયટી લક્ષ્મીનારાયણ–૨,પ્રિયંકા નગર–૧,૨,લક્ષ્મણનગર,ભવાનીનગર જેવા વિસ્તારોમાં,અઠવા ઝોનમાં શ્રમજીવી –૧,૨,ઉમરાગામ હળપતિવાસ,પીપલોદ,હેડગેવારનગર,આગમ આર્કેડ,શાકભાજી મોર્કટ,ટેનામેન્ટ,ભરથાણાં હળપતિવાસ,ગુ.હા.બોર્ડ જેવા વિસ્તારોમાં,કતારગામ ઝોનમાં નાયકાવાડ,હળપતિવાસ,ગોસાંઈનગર,મામાદેવ સો.,દેવીકૃપા સો.,એચ–૧ આવાસ જેવા વિસ્તારોમાં,વરાછા ઝોનમાં ધોબીઘાટ,નરસિંહ મંદિર,દલિત વસાહત, પટેલનગર, સહયોગનગર, નંદપાર્ક સો.,બોમ્બે કોલોની શ્રીજીનગર સો.,શિવાંજલી હાઈટસ,પંચતત્વ રેસી.,હંસવિહાર,મહાવીર સો.જેવા વિસ્તારો માં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં......

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **32557** | **68523** | **204** | **9514** | **695** | **1556** | **74** | **32950** | **53** | **24596** | **10588** |

## તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.

## સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦

૧૬૪૮

# પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ** |

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૦૬/૦૧/૨૦૧૭ થી તા.૧૨/૦૧/૨૦૧૭ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૯૫,૫૫૬/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ. ૮,૪૧૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૧૦૫.૫૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૫૪.૨૫૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૧૧૫ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૧,૩૫,૬૭૫/– ની વસુલાત કરવામાં આવેલ છે અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ –૯૦(એ)(૧) મુજબ –૧૭ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૧૪,૨૨૫ અને ૬,૧૪૯ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૧,૭૬,૨૩૦/– અને રૂા.૨,૧૬,૯૦૦/– રકમ મળી કુલ રકમ રૂા.૩,૯૩,૧૩૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.